# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા
(ISO 9001:2008 Certified)
Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com

ક્રમાંક:માવિ-૩/15 ઓગષ્ટ /સ્પર્ધા /૨૦૨૦/૬૬૦૮૭ તા.૦૬/૦૮/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ તમામ,
બનાસકાંઠા,પાલનપુર.

વિષય:- સ્વાતંત્રદિનની ઉજવણી નિમિતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવા બાબત.
સંદર્ભ: માન.કલેક્ટરશ્રી, બનાસકાંઠાના પત્ર ક્રમાંક:સદઉ/૧૦૨૦૨૦/૫૯૮/ધ તા.૩૧/૦૭/૨૦૨૦

ઉપરોક્ત અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સ્વાતંત્રદિનની ઉજવણી નિમિતે વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના વધુ ઉજવળ બને અને દેશપ્રેમ વિકસીત બને એ હેતુસર સમગ્ર જિલ્લામાં તા.૧૦ થી ૧૪ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓનું શાળા કક્ષાએથી જિલ્લા કક્ષા સુધી આયોજન કરવામાં આવેલ છે.

શાળા કક્ષાથી જિલ્લા કક્ષા સુધી સ્વાતંત્રપર્વની ઉજવણી સંદર્ભે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં દેશભક્તિનો સુંદર માહોલ વિકસીત થાય તે માટે પ્રચાર પ્રસાર અને સુંદર આયોજન કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

બિડાણ:- ૧૫ મી ઓગષ્ટ -૨૦૨૦ નિમિતે યોજનાર સ્પર્ધાઓનું આયોજન

નકલ સવિનય રવાના :-
(૧) માન. કલેક્ટરશ્રી, બનાસકાંઠા-પાલનપુર
(૨) માન. જિલ્લા વિકાસ અધિકારી, બનાસકાંઠા-પાલનપુર
નકલ રવાના:
(૧) ઇ.આઇ./એ.ઇ. આઇ. જાણ- વ- સુપરવિઝન કરવા સારુ
(૨) SVS કન્વીનરશ્રી (તમામ) બનાસકાંઠા, જાણ –વ- અમલ સારુ

Scanned by CamScanner

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com


## સ્વાતંત્ર્યદિન ઉજવણી–૨૦૨૦ નિમિતે યોજાનાર સ્પર્ધાઓનું આયોજન

### (૧)ઓનલાઈન ક્વિઝ

- વિષય– " સ્વાતંત્ર્યભારતનો ઈતિહાસ "
- ધો. ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભાગ લેવાનો રહેશે.
- સ્પર્ધાની તારીખ–૧૦ ઓગષ્ટ થી ૧૪ ઓગષ્ટ–૨૦૨૦
- વિધાર્થી પોતાનું રજીસ્ટ્રેશન ઈમેઈલ થી કરી શકશે.
- સોશીયલ મિડિયા અને વહીવટી ચેનલ મારફતે પ્રચાર પ્રસાર કરવો.
- ૨૫ માર્કસ ની ઓનલાઈન ક્વિઝમાં ૨૫ મિનિટનો સમય રહેશે.
- ૭૫% ઉપર માર્કસ લાવનાર પ્રથમ ૧૦૦ સહભાગીને ઓનલાઈન પ્રમાણપત્ર આપવામાં આવશે.
- સ્પર્ધાની લીંક સોશીયલ મીડીયા ધ્વારા અલગથી જણાવવામાં આવશે.

### (૨)ઓનલાઈન દેશભકિત ગીત ગાયન સ્પર્ધા

- વિષય મન પસંદ દેશભકિત ગીત
- સ્પર્ધાની તારીખ–૧૦ ઓગષ્ટ થી ૧૪ ઓગષ્ટ–૨૦૨૦
- ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિધાર્થીઓ પોતાના ધ્વારા ગાયન કરેલ ગીત રજુ કરી શકશે.
- સ્પર્ધક ધ્વારા ટીમ એજયુકેશન–બનાસકાંઠાના ફેસબુક પેજ ઉપર પોતાના વિડિયો અપલોડ કરવાનો રહેશે.
- ગીતનો સમય ઓછામાં ઓછો ૩ મિનિટ વધુમાં વધુ ૬ મિનિટનો રાખવો.
- સ્પર્ધાની લીંક સોશીયલ મિડિયા મારફતે અલગથી જણાવવામાં આવશે.

### (૩)કવિતા લેખન

- વિષય – " ગુજરાત ગૌરવગાથા "
- ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિધાર્થીઓ " ગુજરાત ગૌરવગાથા " વિષય ઉપર સ્વરચિત કવિતાની રચના કરી તેની pdf કરીને શાળાનાં ઇમેઇલ એડ્રેસ અથવા વર્ગ શિક્ષકશ્રીના whatsup થી મોકલી આપવા. તમામ સ્પર્ધકએ રજુ કરેલ કૃતિમાં વિધાર્થીનું પૂરૂ નામ, ધોરણ, શાળાનું નામ, તાલુકાનું નામ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં દર્શાવવાનું રહેશે.
- વર્ગ શિક્ષકશ્રીએ શાળાના આચાર્યશ્રીને મોકલી આપવાની રહેશે.

Scanned by CamScanner

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

150 YEARS OF CELEBRATING THE MAHATMA

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com


## સ્પર્ધાની કાર્યરીતી

| તારીખ | વાર | સ્પર્ધાનું ક્ષેત્ર | સંયોજક | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧૦/૦૮/૨૦ | સોમવાર | શાળાકક્ષા | શાળાના આચાર્ય | વિદ્યાર્થીઓ સોશીયલ મિડીયાના માધ્યમથી કૃતિ વર્ગશિક્ષક ને રજુ કરશે. જે પૈકી શાળાદીઠ પ્રથમ શ્રેષ્ઠ કૃતિ SVS કક્ષાએ email થી રજુ કરવાની રહેશે. |
| ૧૧/૦૮/૨૦ | મંગળવાર | SVS કક્ષા | SVS કન્વીનર તથા સંબધિત AEI | SVS માં સમાવિષ્ટ તમામ શાળાની રજુ થયેલ શાળા દીઠ એક કૃતિ પૈકી શ્રેષ્ઠ પ્રથમ કૃતિ જિલ્લા કક્ષાએ શ્રી કરશનભાઇ પઢારના whatsup નંબર(૯૯૨૫૯૫૧૭૬૮) પર pdf મોકલવી. |
| ૧૩/૦૮/૨૦ | ગુરૂવાર | જિલ્લા કક્ષા | શિક્ષણ નિરીક્ષકશ્રી (શ્રી કરશનભાઇ પઢાર) | SVS કક્ષાએથી આવેલ એક કૃતિ પૈકી જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ વિજેતા જાહેર કરવાના રહેશે. |

### (૪)નિબંધ સ્પર્ધા

- વિષય – " મારા સ્વપ્નનું ભારત "
- ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ' મારા સ્વપ્નનું ભારત ' વિષય ઉપર અંદાજીત ૩૦૦ શબ્દો માં નિબંધ લેખન કરશે તેની pdf કરીને શાળાનાં ઇમેઇલ એડ્રેસ અથવા વર્ગ શિક્ષકશ્રીના whatsup થી મોકલી આપવાની રહેશે.
- રજુ કરેલ કૃતિમાં તમામ સ્પર્ધકએ વિદ્યાર્થીનું નામ શાળાનું નામ, ધોરણ, કલસ્ટરનું નામ સુવાચ્ય અક્ષરોમાં દર્શાવવાનું રહેશે.

## સ્પર્ધાની કાર્યરીતી

| તારીખ | વાર | સ્પર્ધાનું ક્ષેત્ર | સંયોજક | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧૦/૦૮/૨૦ | સોમવાર | શાળાકક્ષા | શાળાના આચાર્ય | વિદ્યાર્થીઓ સોશીયલ મિડીયાના માધ્યમથી કૃતિ વર્ગશિક્ષક ને રજુ કરશે. જે પૈકી શાળાદીઠ પ્રથમ શ્રેષ્ઠ કૃતિ SVS કક્ષાએ email થી રજુ કરવાની રહેશે. |
| ૧૧/૦૮/૨૦ | મંગળવાર | SVS કક્ષા | SVS કન્વીનર તથા સંબધિત AEI | SVS માં સમાવિષ્ટ તમામ શાળાની રજુ થયેલ શાળા દીઠ એક કૃતિ પૈકી શ્રેષ્ઠ પ્રથમ કૃતિ જિલ્લા કક્ષાએ શ્રી કરશનભાઇ પઢારના whatsup નંબર (૯૯૨૫૯૫૧૭૬૮) પર pdf મોકલવી. |
| ૧૩/૦૮/૨૦ | ગુરૂવાર | જિલ્લા કક્ષા | શિક્ષણ નિરીક્ષકશ્રી (શ્રી કરશનભાઇ પઢાર) | SVS કક્ષાએથી આવેલ એક કૃતિ પૈકી જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ વિજેતા જાહેર કરવાના રહેશે. |

Scanned by CamScanner